dakshinayan દક્ષિણાયન
UNIVERSITY NEWS LETTER

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

October-November 2013 | For private circulation only | Vol. 05 - Issue 116-117

કેળવણીના ક્ષેત્રમાં વાણીના ક્ષેત્રમાં શિક્ષકો પોતાની વાણીથી શીખવે એના કરતાં પોતાના જીવનથી શીખવે તેની ઘણી મોટી કિંમત છે.

નાનાભાઈ ભટ્ટ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

નૂતન વર્ષાભિનંદન

શિક્ષણ-શિક્ષક-શિક્ષાર્થી અને સમાજનો પરસ્પર સંબંધ અત્યંત ગહન છે. શિક્ષક શિક્ષણના માધ્યમ દ્વારા રાષ્ટ્રની પરમ્પરાની ધરોહરને એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચાડે છે, આ કારણે સમાજ કે રાષ્ટ્રની સભ્યતા અને સંસ્કૃતિનું સાતત્ય જળવાતું હોય છે. શિક્ષણમાં અને તેમાં ય ખાસ કરીને ઉચ્ચશિક્ષણમાં શિક્ષકની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ ગણવામાં આવે છે. કેમ કે, નવી નવી શોધ, નવાં નવાં સંશોધનો અને નવા નવા પ્રયોગોની ઉપાદેયતા ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં જ રહેલી છે. શિક્ષકનું કર્તવ્ય મૂલ્ય સર્જન કરવાનું છે. પોતાના અંતરાત્માની ઓળખ મેળવવી અને પોતાની આસપાસના પરિવેશને શ્રેષ્ઠતા તરફ લઈ જવાનો પ્રયાસ કરવો તેનું નામ શિક્ષણ અને એવી સમજ પેદા કરે તેનું નામ શિક્ષક. વ્યકિત પોતાનામાં કે પછી સમાજમાં ગુપ્ત સુપ્ત અવસ્થામાં પડેલી જાગૃતતા, સર્જનાત્મકતા જાગૃત કરી એને પરિષ્કૃત કરવાનું યુગકર્મ શિક્ષકના હાથમાં સોંપવામાં આવ્યું છે. માનવતાના ત્રણ શ્રેષ્ઠતમ લક્ષ્ય સત્ય-શિવ-સુંદરની સમજ કેળવી એને આત્મસાત્ કરી જીવનમાં એની સ્થાપના કરી માનવ કલ્યાણમાં તેનો વિનિયોગ કરવો તે શિક્ષણનું સર્વોચ્ચ ધ્યેય છે. શિક્ષણ એક એવું હાથવગુ સાધન છે કે જેના દ્વારા જીવનમૂલ્યોની સ્થાપના કરી શકાય. શિક્ષણ જેના દ્વારા આપવામાં આવે છે તે શિક્ષકે જીવનમૂલ્યોનું સ્થાપન પહેલાં પોતાનામાં કરી પછી વિદ્યાર્થીઓમાં હસ્તાન્તરિત કરવાનું છે. મૂલ્યો શીખવનાર શિક્ષકમાં જ મૂલ્યોની સમજ નહીં હોય કે સમજ હશે પણ મૂલ્યનિષ્ઠ જીવન જીવવાની તૈયારી નહીં હોય તો પછી એવો શિક્ષક ધારી અસર ઉપજાવી શકશે નહીં. શિક્ષકે પોતાના આચરણ દ્વારા આ સિધ્ધ કરવાનું છે. બાકી, તમાકુવાળો મસાલો મોંના ગલોફામાં ઠાંસીને વર્ગખંડમાં જઈ નિકોટીનથી થતા ગેરફાયદા શિખવતો શિક્ષક અસર ઉપજાવી શકતો નથી બલકે હાંસીપાત્ર ઠરે છે. બસ કે ટ્રેનમાં વગર ટિકિટે મુસાફરી કરતો શિક્ષક વર્ગખંડમાં વિદ્યાર્થીઓને નીતિશાસ્ત્રના પાઠ ભણાવે તેમાં કશો ભલીવાર ન આવે !

જાણીતા ચિંતક બેકને કહ્યું છે કે, 'શિક્ષણનું મૂલ્ય આપેલા જ્ઞાન ઉપરથી કરવાનું નથી પણ જ્ઞાની થવાની શકિત ઉત્પન્ન કરી હોય તે પરથી કરવાનું છે.' શિક્ષણ ત્યારે જ મૂલ્ય આધારિત બને જયારે શિક્ષણ જેના દ્વારા આપવામાં આવે છે તે શિક્ષક મૂલ્ય આધારિત જીવન જીવે. માનવતા આપણા આ સમયમાં જયારે ખૂબ સંકટના પાટા પરથી પસાર થઈ રહી છે ત્યારે આ મુદ્દો મહત્ત્વપૂર્ણ હોવાથી તત્કાળ એના તરફ ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ. શિક્ષકની એ જવાબદારી છે કે ઉચ્ચ મૂલ્યોના સ્તંભ ઉપર સમાજની ચેતનાનું બહેતર નિર્માણ કરે. શિક્ષક આ જવાબદારીમાંથી છટકી ન શકે. મૂલ્યહીન વ્યકિતઓના સમૂહથી નિર્માણ થયેલા સમાજ કરતાં કબ્રસ્તાન વધારે સારું. કેટલાંક મૂલ્યો વ્યકિતના પોતાના પર આધારિત હોય છે, કેટલાંક મૂલ્યો સમાજ પર આધારિત હોય છે, કેટલાંક મૂલ્યો રાષ્ટ્ર પર આધારિત હોય છે તો કેટલાંક મૂલ્યો માનવજાત પર આધારિત હોય છે. સમગ્ર માનવજાત માટે હિતકર હોય તેવાં મૂલ્યોને શિક્ષણના માધ્યમથી શિક્ષક દ્વારા પ્રચાર-પ્રસાર થાય તે સમયની માંગ છે. આપણા દેશમાં પ્રતિભાઓનો જે વિશાળ ભંડાર ભર્યો પડયો છે તે તરફ ધ્યાન કેન્દ્રીત કરી રાષ્ટ્રીય જીવનનું સૌથી સજીવ અને સંવેદનશીલ ક્ષેત્ર શિક્ષણ દ્વારા મૂલ્યોનું જતન અને સંવર્ધન વધારે પ્રમાણમાં થાય તેવા વિચારોને આપણે સૌ આવિષ્કૃત કરીએ. ગુજરાતી ભાષા સાહિત્યના પ્રખર પંડિત આનંદશંકર ધ્રુવના વિચારો વાંચો-વિચારો :

"કેળવણીનો ઉદ્દેશ જીવનનું સુખ, જીવનની મોજમજા, જીવનમાં ભોગવિલાસ એ નથી. જીવનને વધારે જ્ઞાની, વધારે ઊંચું, ખરી સમૃધ્ધિથી વધારે સમૃધ્ધ કરવું એ જ એનો ઉદ્દેશ છે."

વ્યકિતવિકાસ અને સામાજિક પરિવર્તનનું મુખ્ય સાધન શિક્ષણ છે ને એથી નિરંતર એની અખંડ સાધના શિક્ષક દ્વારા થતી રહેવી જોઈએ.

તા. ૩૦ ઓકટોબર, ૨૦૧૩

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## પીએચ.ડી.



યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના આસિ. પ્રોફે. શ્રી દિપકભાઈ જી. ભોયેએ ડૉ. એમ.એન. ગાયકવાડ (એસોસિએટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ સોશ્યોલોજી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત)ના માર્ગદર્શન તળે "ભીલોની સંસ્કૃતિ : સાત્યતા અને પરિવર્તન" શીર્ષક પર શોધનિબંધ પ્રસ્તુત કર્યો હતો. આ મહાશોધ નિબંધને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી તેમને સોશ્યોલોજીમાં પીએચ.ડી. પદવી આપી છે. અભિનંદન

## વિદ્યાર્થી સભા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગમાં ત્રીજા સેમેસ્ટરના વિદ્યાર્થી મીર કરસનભાઈ મેરાભાઈની સર્વાનુમતે જી.એસ. તરીકે વરણી કરવામાં આવી છે. જી.એસ.ની વરણી બાદ નીચે મુજબ વિદ્યાર્થી સભાની રચના કરવામાં આવી છે. ૧) નાણા અને વિદ્યાર્થી કલ્યાણ સમિતિ - (અધ્યક્ષ : ડૉ. એસ. શ્રીનિવાસા રાવ), (વિદ્યાર્થી પ્રતિનિધિ : મીર કરસનભાઈ મેરાભાઈ), (સભ્યો : ગોંડલીયા મિતલ, જાવરે ગોવિંદભાઈ), ૨) જીમખાના સમિતિ - (અધ્યક્ષ : ડૉ. રામી ગૌરાંગ), (વિદ્યાર્થી પ્રતિનિધિ : પટેલ બ્રિજલ અનિલભાઈ), (સભ્યો : ભરવાડ નાગજી, પટેલ ભાવિકા), ૩) સામાજિક અને સાંસ્કૃતિક સમિતિ - (અધ્યક્ષ : ડૉ. કિર્તીબેન ઝાંખરીયા), (વિદ્યાર્થી પ્રતિનિધિ : માંડવીયા અશ્વિન જેન્તીભાઈ), (સભ્યો : પટેલ સોનલ, કાનકનોર મમતા), ૪) સાહિત્યિક, વાદા સત્તા અને વકતૃત્વ જેવી બૌધ્ધિક સમિતિ - (અધ્યક્ષ : પ્રા. જયશ્રી ચુગ), (વિદ્યાર્થી પ્રતિનિધિ : કુલત યાસ્મીન અલીભાઈ), (સભ્યો : પારનેરીયા પિન્ટુ), અગ્રવાત હિતેશ, ૫) મેગેઝીન સમિતિ - (અધ્યક્ષ :ડૉ. ગૌરાંગ રામી), (વિદ્યાર્થી પ્રતિનિધિ : ગામીત ચંદ્રકલાબેન ડી.), (સભ્યો : ટંડેલ જિગ્ના, ગામીત કલ્પના), ૬) શૈક્ષિક પ્રવાસ સમિતિ - (અધ્યક્ષ : ડૉ. કિર્તીબેન ઝાંખરીયા), (વિદ્યાર્થી પ્રતિનિધિ : પાટીલ અજય ભાલેરાવ), (સભ્યો : પાનપાટીલ પેંમકુમાર, પટેલ હેમલતા), ૭) પ્લાનીંગ ફોરમ - (અધ્યક્ષ : શ્રીમતી અરૂણા સોલંકી), (વિદ્યાર્થી પ્રતિનિધિ : ડોબરીયા ચિરાગ), (સભ્યો : પાનપાટીલ પેંમકુમાર, વાઘાણી પ્રશાંત).

# કોલેજ ન્યૂઝ

## ઉજવણી

- તા. ૨૪-૮-૧૩ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન માંગરોલ ખાતે નર્મદ જયંતીની ઉજવણી કરવામાં આવી જેમાં તાલીમાર્થીઓએ વીર નર્મદ વિશે વકતૃત્વ આપ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે માલી ગ્રીસ્માબેન, દ્વિતીય ક્રમે સોલંકી જીતેન્દ્રકુમાર અને તૃતીયક્રમે ભાટીયા હિનાબેન રહયા હતા. તેમજ પટેલ પ્રિયંકાબેને કવિ નર્મદનું કાવ્ય રજૂ કર્યું હતું.
- તા. ૨૭-૮-૧૩ના રોજ ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન (એમ.એડ્.) અને શિક્ષણભારતી કોલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ્.)ના સંયુકત ઉપક્રમે 'જન્માષ્ટમી' નિમિત્તે ઉજવણી કરવામાં આવી જેમાં તાલીમાર્થી તથા અધ્યાપકોએ મટકી ફોડ તથા ગરબા ઘૂમી કાર્યક્રમને ખૂબ ઉત્સાહપૂર્વક માણ્યો હતો.
- શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં ૫મી સપ્ટેમ્બરે તાલીમાર્થીઓ દ્વારા શિક્ષકોનું પુષ્પગુચ્છ દ્વારા અભિવાદન થયું. તાલીમાર્થીઓએ ડૉ. રાધાકૃષ્ણન્ જીવનચરિત્ર અને કવન પર, આજના શિક્ષકની ભૂમિકા, શિક્ષકનું કર્તવ્ય, શિક્ષક-વિદ્યાર્થી સંબંધ જેવા વિષયો પર પોતાના મૌલિક વિચારો વકતવ્યમાં અને કાવ્ય સ્વરૂપે રજૂ કર્યા. ડૉ. વિનયભાઈ પટેલે આજના સમયમાં શિક્ષકની ગરિમા પર ચિંતન રજૂ કર્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ અને પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે ડૉ. રાધાકૃષ્ણન્‌ના વિચારોનો આધારે લઈને શિક્ષકદિનની ઉજવણી શા માટે કરીએ છીએ અને તે સાર્થક કયારે થાય એના સંદર્ભે તર્કસંગત વિચારો રજૂ કરી ભાવિ શિક્ષકોને ખરા અર્થમાં શિક્ષક બનવા માટે પ્રેર્યા હતા. કાર્યક્રમની આભારવિધિ સાંસ્કૃતિક મંત્રી કુ. ગાયત્રીબેને કરી હતી.
- સુરતના સપૂત કવિ નર્મદની જન્મજયંતિ નિમિત્તે કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડમાં એક નાનકડો કાર્યક્રમ યોજાયો. પ્રા. ડૉ. અન્સારીએ કવિશ્રી નર્મદના જીવન અને કવનની ઉંડાણપૂર્વક રજુઆત કરી હતી. ગ્રંથપાલ શ્રીમતી કવિતાબહેન રાઠવાએ નર્મદ રચિત કાવ્યોનો રસાસ્વાદ કરાવ્યો તથા એસો. પ્રોફેસર ડૉ. જયંત શાહે કવિ નર્મદ રચિત અંતિમ કાવ્યોમાના એક કાવ્યનો રસાસ્વાદ કરાવ્યો. અંતમં પ્રાચાર્ય ડૉ. પ્રફુલસિંહ રાજે સુરતના અમર કવિને શ્રદ્ધાંજલી આપતા જણાવ્યું કે "અંગ્રેજોના શાસન દરમ્યાન સમાજ સુધારણા અને શિક્ષણ સુધારણા તથા વ્યકિતનું ચિંતન અને સમજ બદલાવવા તેમણે આપેલા ક્રાંતિકારી વિચારો, લેખો, કાવ્યો આજે પણ પ્રસ્તુત છે. કવિ નર્મદને કોટિ કોટિ વંદન..."
- કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ ખાતે શિક્ષક દિનની ઉજવણી, કોલેજનું ત્રેવીસમું સ્થાપના વર્ષ તથ વાર્ષિક મુખપત્ર "ઉત્કર્ષ"નો લોકાર્પણવિધિ એવા ત્રણ કાર્યક્રમો સંપન્ન થયા. આચાર્ય અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના શિક્ષણ વિદ્યાશાખાના ડીન ડૉ. પ્રફુલસિંહ રાજે સૌને શબ્દ સુમન વડે આવકાર્યા હતા તથા પ્રસ્તુત કાર્યક્રમ પાછળની ભૂમિકા અસરકારક રીતે રજુ કરી હતી. આ ત્રિવિધ કાર્યક્રમ પ્રસંગે કોલેજના તાલીમાર્થી ઈમરાનભાઈ કડવા, ડૉ. ઈન્તેખાબ અનસારી તથા કોલેજ ટ્રસ્ટના મંત્રીશ્રી તથા ખરોડ ગામના સરપંચશ્રી મહમદભાઈ ભૈયાતે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટીશ્રી ઐયુબભાઈ બાલા, શ્રી મહમદભાઈ ભૈયાતે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટીશ્રી ઐયુબભાઈ બાલા, શ્રી મહમદભાઈ જાંગડા નીલંકઠ ઈન્સ્ટ્રીઝ, ભરૂચના નિયામક શ્રી નવિનભાઈ મિસ્ત્રી તથા પબ્લિક સ્કૂલ ખરોડના આચાર્યા ડૉ. અંજલિબેન કુલશ્રેષ્ઠની ઉપસ્થિતિ રહી હતી. અધ્યક્ષસ્થાનેથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના પૂર્વ નિયામક તથા જાણીતા નાટ્યવિદ્ ડૉ. કપિલદેવભાઈ શુકલએ શિક્ષકનું કતૃત્વ અદ્‌ભુત રીતે સમજાવ્યું હતું. ડૉ. શુકલએ જણાવ્યું હતું કે શિક્ષક જયારે શિક્ષણકાર્ય કરે છે ત્યારે જાણે તે પ્રાર્થના કરતા હોય એવો મનોભાવ એનો હોવો જોઈએ. પ્રત્યેક શિક્ષકે પૂર્વ ઈન્વોલ્મેન્ટ સાથે કાર્ય કરવું જોઈએ. ત્યારબાદ કોલેજના વર્ષ-૨૦૧૨-૧૩ વાર્ષિક મુખપત્ર ઉત્કર્ષ તથા તાલીમાર્થીઓએ એમના જીવનમાં વળાંક લાવનાર શિક્ષકો વિશે લખેલા અનુભવોને આધારે તૈયાર થયેલ હસ્તલિખિત અંકનો લોકાર્પણવિધિ સંપન્ન થયો હતો. આભારવિધિ ગ્રંથપાલ શ્રીમતી કવિતાબેન રાઠવાએ અને કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી તોહસીફ કીકીએ કર્યું હતું.
- બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં ૮મી સપ્ટેમ્બર વિશ્વ સાક્ષરતા દિનની ઉજવણીના ભાગરૂપે અક સાથે વાંચે કોલેજ અભિયાન અંતર્ગત બધા તાલીમાર્થીમિત્રો તથા અધ્યાપકોએ એક કલાક સુધી વિવિધ પુસ્તકોનું સમૂહ વાંચન કર્યું હતું. ઉપરાંત

પોસ્ટર મેકિંગ સ્પર્ધા તથા સક્ષરતા અંગે સુવિચાર લેખન સ્પર્ધા રાખવામાં આવી હતી. શિક્ષણ અને જીવનમાં ઉપયોગી એવા પુસ્તકો કોલેજની લાયબ્રેરીમાંથી પૂરા પાડવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન કોલેજના કાર્યકારી આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ તથા ગ્રંથપાલશ્રી અશોકભાઈ રાઠોડે કર્યું હતું.

- શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજ, સુરતમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સેનેટ સભ્ય શ્રી કિરીટભાઈ વાંસદીયાના હસ્તે કોલેજ પરિવારની હાજરીમાં પ્રસ્તુત કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ દેશભકિતગીત, સમૂહગીત રજૂ કર્યા હતા. તદ્પરાંત કોલેજમાં તા. ૫-૯-૧૩ના દિવસે શિક્ષણદિનની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આચાર્ય ડૉ. અરવિંદ ટાંકે લોકમાન્ય વિદ્યાલયના નિવૃત્ત આચાર્યશ્રી અજયભાઈ પટેલને પુષ્પગુચ્છ આપી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. તથા શિક્ષકના મહત્વને લગતી વિડિયો કલીપ તાલીમાર્થીઓને બતાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ શિક્ષકદિનના વકતવ્યો આપ્યા હતા.

- વિદ્યાર્થીઓ શિક્ષકોનું ક્ષણે ક્ષણે મૂલ્યાંકન કરે છે એવું પ્રિ. ડૉ. જે.એમ. નાયકનું વિધાન, 'શિક્ષકોને પુસ્તકો સાથે આજીવન નાતો રાખવો પડશે' અને 'આધુનિક ટેકનોલોજી છતાં ભાષાનું મહત્વ નહી ઘટે' એવું પ્રા. ડૉ. મીનાબેન શાહના વિધાન તથા 'અધ્યાપકોનું કામ કોલેજ પૂરી થયા પછી વિષયની તૈયારી કરવા દરમિયાન પણ ચાલુ જ રહે છે' તેવા મતલબના પ્રા. ડી.આર. પરીખના વિધાન સાથેના વિદ્યાર્થીઓ માટે પ્રેરક અને અધ્યાપકો માટે અનુકરણીય વક્તવ્ય શિક્ષદિન નિમિત્તે શાહ એન.એચ. કોમર્સ કોલેજના મલ્ટીમીડીયા હોલમાં ઉચ્ચારાયા હતા. કુલ આડત્રીસ લેકચરમાં આડત્રીસ વિદ્યાર્થીઓ દ્વારા સ્નાતક કક્ષાના તમામ વર્ગોમાં વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણ કાર્ય કરવામાં આવ્યું હતું. ગત વર્ષે નિવૃત્ત થયેલ ગુજરાતી વિભાગના વડા પ્રા. ડૉ. મીનાબેન શાહનું સન્માન પ્રિ. ડૉ. જે.એમ. નાયક દ્વારા શાલ ઓઢાડી તથા પુસ્તક પુષ્પ અર્પીને અને પ્રા. ડી.આર. પરીખનું સન્માન પ્રા. ટી.જી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની વ્યવસ્થા પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. આર.આર. પટેલ, પ્રા. વી.આર. ચાંપાનેરી તથા પ્રા. કે.સી. પટેલ દ્વારા, કાર્યક્રમ સંચાલન કુ. કલ્યાણી અને કુ. સોનાલી પ્રજાપતિ દ્વારા તથા આભારવિધિ પ્રા. કે.સી. પટેલે કરી હતી.

- કડકિયા આર્ટસ-કોમર્સ કોલેજ, અંકલેશ્વરમાં ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ 'શિક્ષક દિવસ'ની ઉજવણી પ્રસંગે વિદ્યાર્થી શિક્ષકો દ્વારા શિક્ષણકાર્ય કરવામાં આવ્યું હતું. 'શિક્ષક દિવસ' ઉજવણી સમારંભમાં ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. કે.એસ. ચાવડાએ ઉદ્બોધન કરતાં જણાવ્યું હતું કે, 'માણસ માત્ર જીવે છે ત્યાં સુધી શીખે છે, હકીકતમાં કોઈને શીખવી શકાતું નથી, રસ્તો બતાવી શકાય. જો શીખનારના મનમાં ધગશ હશે તો એ શીખી શકશે.' 'શિક્ષક દિવસે' અધ્યાપક બનનાર વિદ્યાર્થીઓએ પ્રતિભાવ આપ્યા હતા. વિજેતા એફ.વાય.બી.એ. : પ્રથમ-સુરજા સંદીપ, દ્વિતીય-પ્રતિભા પવાર, તૃતીય-ટીક્ષા પટેલ. એસ.વાય.બી.એ. : પ્રથમ-જાદવ ટ્વિંકલ, દ્વિતીય-અન્સારી અશિયાના, તૃતીય-દીપિક્ષા પરમાર. ટી.વાય.બી.એ. : પ્રથમ-ગામીત પરપાર, દ્વિતીય-પરમાર નરેન્દ્ર, તૃતીય-બીના સોલંકી. એસ.વાય.બી.કોમ. : ગજ્જર દિવ્યા, ટી.વાય.બી.કોમ. : આમોદવાલા નવસદ. એન.એસ.એસ. ઓફીસર્સ ડૉ. વર્ષા પટેલ અને ડૉ. જયશ્રી જે. ચૌધરીએ 'શિક્ષક દિવસ'ના કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

- બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં ૫મી સપ્ટેમ્બરે શિક્ષક દિનની ઉજવણીના ભાગરૂપે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૧મી સદીમાં શિક્ષકની ભૂમિકા, આદર્શ શિક્ષક તરીકેની મારી કલ્પના, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના શિક્ષણ વર્ષના વિચારો, રાષ્ટ્રના નિર્માણમાં શિક્ષકની ભૂમિકા વગેરે જેવા વિષયોને કેન્દ્રમાં રાખવામાં આવ્યા હતા. આ શુભ પ્રસંગે આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ તથા સૌ અધ્યાપકશ્રીઓનું પુષ્પથી અભિવાદન કરવામાં આવ્યું હતું. પ્રા. અંગતભાઈ ચૌધરીએ આ પ્રસંગે આદર્શ શિક્ષકને અનુરૂપ વકતવ્ય રજૂ કર્યું હતું. સ્પર્ધામાં પ્રથમ ક્રમે શાહ ભાવેશકુમાર, દ્વિતીય ક્રમે આહિર ભાવિનીબેન તથા તૃતીય ક્રમે દિવાન અકીલાબાનું રહયા હતા. નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. મીનાબેન પરમાર તથા પ્રા. કનુભાઈ સ્વાગીયાએ સેવા આપી હતી. આભારવિધિ ગામીત અંકિતભાઈએ તથા સંચાલન ચંદ્રાવાડિયા સામતભાઈએ કર્યું હતું. ડૉ. પ્રેમદાન ભારતીએ राष्ट्र के निर्माण में शिक्षक को यथार्थ भूमिका વિષય પર વકતવ્ય રજૂ કર્યું હતું.

- અંકલેશ્વર સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજમાં શિક્ષકદિનની ઉજવણી પ્રસંગે વિદ્યાર્થીઓએ આચાર્ય, અધ્યાપક, કલાર્ક અને પ્યુનની ભૂમિકાઓ ભજવી હતી. ભાવિ શિક્ષકોએ પ્રતિભાવો આપ્યા હતા. દિવસે અધ્યાપન કાર્ય કરાવનાર અધ્યાપકોમાં શ્રેષ્ઠ શિક્ષક તરીકે પટેલ જૈમિનભાઈ અને પરમાર વિરલબેને જાહેર કરવામાં આવ્યા હતા. તદ્પરાંત 'શિક્ષણના પરિવર્તનમાં કલમ કે કતાર' વિષય પર વાદ-સંવાદ કાર્યક્રમ યોજાઈ ગયો.

- નારણલાલા ઈન્સ્ટીટયૂટ ઓફ ટીચર એજયુકેશન, નવસારીમાં 'ટેલેન્ટ ડે'ની ઉજવણી પ્રસંગે તાલીમાર્થીઓએ થાળી શણગાર, મહેંદી, વેસ્ટમાંથી બેસ્ટ, અંગ્રેજી સોંગ, નૃત્ય વગેરે જેવી શિક્ષણને અનરૂપ અને મનોરંજન પૂરું પાડતી કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી કુમાર અક્ષ અને કુમારી વર્ષાએ કર્યું હતું. પ્રા. દિવ્યેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન થયું હતું. ડૉ. રાધાકૃષ્ણન્‌ની જન્મજયંતિ નિમિત્તે તા. ૫-૯-૧૩ના રોજ શિક્ષક દિનનીપ્રસંગે પુસ્તક દ્વારા અધ્યાપકોનું સ્વાગત કરી વકતવ્ય અને કાવ્યપઠન કર્યું હતું. આચાર્યશ્રી અને અધ્યાપકો દ્વારા સ્વરચિત કાવ્યપઠન થયું હતું. ગુરુ અને શિક્ષકના મહત્વને લગતા વકતવ્યો રજૂ કર્યા હતા.

- શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન ભરથાણામાં હિન્દી-દિનની ઉજવણી પ્રસંગે ડૉ. ગંગા પ્રસાદ શર્માનું વ્યાખ્યાન યોજાઈ ગયું. એમનું સ્વાગત આચાર્યશ્રી, નયનાબેન ચૌહાણે પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ આપીને કર્યું. વકતાશ્રીએ હિન્દી ભાષાના મહત્વ અને વિશેષતાની સમજ તાલીમાર્થીઓને આપી, ત્યારબાદ હિન્દી દિનને અનુરૂપ તાલીમાર્થીઓ દ્વારા વિષયને અનુરૂપ વકતવ્યો, કાવ્યો, દોહા રજૂ કર્યા હતા. આ કાર્યક્રમનું આયોજન અને માર્ગદર્શન ઈ.આચાર્યશ્રી નયનાબેન ચૌહાણ તથા સંચાલન તાલીમાર્થી જય મંગલસિંઘે અને આભારવિધિ તાલીમાર્થી સિંહ સીમાએ કરી. તદ્પરાંત કોલેજમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. ઈન્ચાર્જ આચાર્યાશ્રી નયનાબેન તથા અધ્યાપકવૃંદનું કંકુ-તિલક તથા પુષ્પ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ઈ.આ. શ્રી નયના બેન દ્વારા આર્શીવચન અપાયા હતા. ત્યારબાદ શિક્ષકોનો મહિમા દર્શાવતું ગીત, વકતવ્યો, સુવિચારો, બુલેટિન, પોસ્ટર્સ, બોર્ડ વર્ક રજુ થયા. શિક્ષકદિનની ઉજવણીમાં શિક્ષક બનેલા તાલીમાર્થી ભાઈ-બહેનોનું પુષ્પ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન, તૈયારીઓ અને માર્ગદર્શન આ.પ્રો. ભાવિનાબેન દેસાઈ અને સંચાલન બંગડીવાલા એનિષા તથા નદીમ, તથા આભારવિધિ બંગડીવાલા એનિષા એ કરી હતી.

## વ્યાખ્યાન

- શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં એવીએશન એકસપર્ટ કેપ્ટન એ.ડી. માણેકનું 'એરલાઈન્સમાં કારકિર્દી' વિષયક પ્રવચન કેપ્ટન કુમુદબેન માણેક અને વલસાડ ભાજપના અગ્રણી શ્રી નરેશભાઈ ડાંગની વિશેષ ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓની વિશાળ હાજરીમાં યોજાયું હતું. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના સુકાની પ્રિ. ડૉ. જે.એમ. નાયકે કેપ્ટન એ.ડી. માણેકનું પ્રા. એન.એમ. શાહે કેપ્ટન કુમુદબેન માણેકનું અને પ્રા. વિરલ ભંડારીએ ભાજપના અગ્રણી શ્રી નરેશભાઈ ડાંગનું પુસ્તક પુષ્પથી સ્વાગત કરીને પ્રાસંગિક ભૂમિકા બાંધી હતી. કેપ્ટન માણેકે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી એરલાઈન્સ ક્ષેત્રે ઉપલબ્ધ તકોની વિગતવાર માહિતી આપી હતી. શ્રી નરેશભાઈ ડાંગના સહયોગથી થયેલા કારકિર્દીલક્ષી કાર્યક્રમ માટે પ્રિ. ડૉ. જે.એમ. નાયકે આભારની લાગણી વ્યકત કરી હતી.
- શિક્ષણ ભારતી બી.એડ્.કોલેજ, ભરથાણામાં ડૉ. પ્રેમદાન ભારતીયએ 'राष्ट्र निर्माण में शिक्षक की भूमिका' વિષય પર ખૂબ જ રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. જે અંતર્ગત - વિદ્યાર્થીઓને લાંબાગાળાને ધ્યાનમાં રાખી શિક્ષણ આપવું જોઈએ, તો જ વિદ્યાર્થીઓ સમાજમાં પોતાનું યથાયોગ્ય આપી શકશે. આવકાર પ્રવચન પ્રા. ભાવિકભાઈ ગજ્જરે કર્યું હતું, અને પુષ્પ ગુચ્છથી સ્વાગત પ્રા. ભાવિનાબેન દેસાઈએ કર્યું હતું. વકતાશ્રીનો પરિચય ડૉ. અનિલ સિંઘે આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. ભાવિકભાઈ ગજ્જરે કર્યું હતું. તથા આભારવિધિ પ્રા. અમરભાઈ પટેલે કરી હતી.
- તા. ૮-૯-૧૩ના રોજ રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાપીના વિદ્યાર્થીઓ માટે વલસાડ શાહ એન.એચ. કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.ના સિન્ડીકેટ સભ્યશ્રી પ્રિ. ડૉ. જે.એમ. નાયકનું 'લાઈફ સ્કીલ્સ એન્ડ કેરીયર' એ વિષય પર વ્યાખ્યાન યોજાયુ. સ્વાગત પ્રવચન આચાર્યા ડૉ. એચ.એ. દેસાઈએ કર્યું હતું. ડૉ. એમ.યુ. દરૂએ મહેમાનનો પરિચય આપી, શાલ ઓઢાડી અભિવાદન કર્યું અને આભારવિધિ પણ કરી હતી. તા. ૫ મી સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ કોલેજમાં શિક્ષક દિનની ઊજવણી કરવામાં આવી હતી. જેમાં ૩૫ જેટલા વિદ્યાર્થીઓ શિક્ષક બની શિક્ષણ કાર્ય કર્યું, અને પોતાને થયેલા અનુભવો પણ વર્ણાવ્યા, પ્રોફેસર ઈન્ચાર્જ ડૉ. એમ.યુ. દરૂએ વિદ્યાર્થીઓને જીવન ઘડતર સમાજ ઘડતર અને રાષ્ટ્ર ઘડતરમાં શિક્ષકોના અનન્ય ફાળા વિશે સુંદર વાત કરી હતી. કોલેજમાં તા. ૭-૧૦-૧૩ના રોજ સુરક્ષા સેતુ સોસાયટી અને ઈનર વ્હીલ કલબ ઓફ વાપીના સંયુકત ઉપક્રમે સ્વરક્ષણ માટે વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન આપવા શકિત સેવા સદન સુરતના માસ્ટર ફોરમબેન દેસાઈ ઉપસ્થિત રહયા હતાં. વાપીના પી.આઈ. પરમાર તથા તેમની ટીમ અને ઈનર વ્હીલ કલબ ઓફ વાપીના પ્રેસિડન્ટ મધુબેન શાહ તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહયા હતા. કોલેજની ૪૦૦ વિદ્યાર્થિની બહેનોએ આ વકતવ્ય તથા પ્રેકટિકલ જ્ઞાનનો લાભ લીધો હતો. કોલેજના આચાર્યા ડૉ. એચ. એ. દેસાઈએ સુંદર કાર્યક્રમનું આયોજન કરી વિદ્યાર્થિનીઓને ઉદ્‌બોધન કર્યું હતું.
- બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં તા. ૨૪-૮-૧૩તા રોજ વીર કવિશ્રી નર્મદની ૧૮૧મી જન્મજયંતિ નિમિત્તે તેમના જીવન વિશે વકતવ્ય ગોઠવવામાં આવ્યું હતું. કાર્યકારી આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે આવકાર અને પ્રાસંગિક પ્રવચન રજૂ કર્યું હતું. એમ.બી.એમ. કોન્વેન્ટ હાઈસ્કૂલ, બારડોલીના સિનિયર શિક્ષિકા રાગિણીબેન જોષીએ કવિશ્રી નર્મદના જીવન વિશે વકતવ્ય રજૂ કર્યું હતું. નર્મદ સાથે જોડાયેલ કેટલીક પંકિતઓ પણ ગાઈ સંભળાવી હતી. કાર્યક્રમની આભારવિધિ પ્રા. અંગતભાઈ ચૌધરીએ તથા સંચાલન પ્રા. ધીરેનભાઈ મૈસુરીયાએ કર્યું હતું.
- WHO દ્વારા ઓગષ્ટ મહિનાના પ્રથમ સપ્તાહને "સ્તનપાન સપ્તાહ" તરીકે ઉજવવામાં આવે છે. જેના અનુસંધાનમાં લાયન્સ કલબ અને શેઠ પી.ટી. મહિલા કોલેજ ઓફ આર્ટસ એન્ડ હોમ સાયન્સ, સુરતના સહકારથી સાસ્કમા ઈંગ્લિશ મીડીયમ કોમર્સ કોલેજ, સુરતમાં સેમીનારનું આયોજન તા. ૮-૮-૧૩ના રોજ કરવામાં આવેલ હતું. આ સેમીનારમાં ટેક્ષ્ટાઈલ અને ફેશન ડિઝાઈનીંગની વિદ્યાર્થિનીઓ તથા કોમર્સ કોલેજની વિદ્યાર્થિનીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્તનપાનથી થતા લાભો અને વિદ્યાર્થિનીઓનાં પ્રવર્તતી ગેરસમજ વિષે વિસ્તૃત માર્ગદર્શન મેળવ્યું હતું. શેઠ પી.ટી. મહિલા કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સની વિદ્યાર્થિનીઓએ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રા. મીનાક્ષીબેન ત્રીપાઠી તથા લાયન્સ કલબના પ્રેસીડન્ટ અરૂણાબેન કાબરા ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમનું આયોજન ડાયરેકટર ડૉ. યુ.ટી. દેસાઈના માર્ગદર્શન હેઠળ પ્રા. રુચિ દેસાઈ તથા ચેતનભાઈ ભરૂચાએ કર્યું હતું.
- તા. ૧૭-૯-૧૩ના રોજ ઉધના સ્થિત, ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત, ઉધના એકેડેમી કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં "એડવાન્સ ડેટા સ્ટ્રકચર" વિષય પર યુનિવર્સિટીના ડૉ. રવિ એમ. ગુલાટીએ વ્યાખ્યાન રજુ કર્યું હતું.
- બરજોરજી પેસ્તનજી બારીઆ સાયન્સ ઈન્ટિટયૂટ, નવસારીના "ખેલકૂદયોગ વ્યાયામધારા"ના ઉપક્રમે તા. ૧૨-૯-૧૩ના રોજ નારણલાલા કોલેજ નવસારીના પ્રા. ડૉ. ફાલ્ગુનીબેન વાંસીયા તથા આર્ટ ઓફ લીવીંગના શ્રીમતી મંજુબેન સીંઘી દ્વારા "હેલ્થ એન્ડ હેપીનેશ" વિષયે પ્રથમ વર્ષ બી.એસસી.ના વિદ્યાર્થીઓ સમક્ષ વકતવ્યનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જેમા "પ્રાણાયામ"ની માનવ શરીર ઉપર થતી હકારાત્મક અસરો, તણાવ મુકત થવા પ્રાણાયમમની અનિવાર્યતા વિષયે તેઓ મારફત વિશદ છણાવટ કરવામાં આવી હતી.
- સુરત જીલ્લા ટ્રાફિક એન્ડ વેલફેર સોસાયટી, આર.ટી.ઓ. સુરત દ્વારા તા. ૧૪-૭-૧૩ના રોજ ઉધના કોલેજમાં માર્ગ સલામતી અંગેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કોલેજની સામુદાયિક સેવા ધારા હેઠળ આ કાર્યક્રમમાં નિવૃત્ત આર.ટી.ઓ. અધિકારી શ્રી આર.જી.જોષી અને ટ્રેઈનર શ્રી બ્રીજેશ વર્મા દ્વારા અકસ્માતોથી પોતાનું અને અન્યોનું અમૂલ્ય જીવન કેવી રીતે બચાવી શકાય તેનુ નિદર્શન ઓડિયો-વિડિયો, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પુરુ પાડવામાં આવ્યું હતું.
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બોર્ડ ઓફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ માટે આંતરકોલેજ વિસ્તરણ વ્યાખ્યાનમાળા અંતર્ગત શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ, ખાતે તા. ૧૦-૯-૧૩ના રોજ "યુવાનો, શિક્ષણ અને સમાજ" વિષય ઉપર સરકારી વિજ્ઞાન કોલેજ, ચીખલીના પ્રિ. ડૉ. કમલ જી. છાયાનું વ્યાખ્યાનનું આયોજન થયું હતું. કાર્યક્રમની શરૂઆતમાં પ્રિ. ડૉ. જે.એમ. નાયકે વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક વાતો કરી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. પ્રિ. ડૉ. કમલ છાયાએ પોતાના વ્યાખ્યાનમાં જીવનમાં સફળતા મેળવવા માટે યુવાનોની ભૂમિકા તથા સમાજમાં યુવાનોનું સ્થાન અને શિક્ષણની જરૂરિયાત બાબત પર વિદ્યાર્થીઓને ઝીણવટભરી સમજૂતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ જ્ઞાનધારા સમિતિના ચેરમેન પ્રા. મુકેશભાઈ ચૌહાણે કરી હતી.

## સેમિનાર



જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર, સુરત તથા વિક્રમ એ.સારાભાઈ કોમ્યુનિટી સેન્ટર, અમદાવાદ અને નવયુગ સાયન્સ કોલેજના સંયુકત ઉપક્રમે પ્રાથમિક શાળાના (ધો-૬ થી ૮)ના ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો માટે એક દિવસની પ્રવૃત્તિલક્ષી શિક્ષક તાલીમ કાર્યશાળા તા. ૨૩-૮-૧૩ના રોજ નવયુગ સાયન્સ કોલેજ ખાતે યાજાઈ હતી. આ કાર્યશાળામાં સુરત જિલ્લાના તાલુકાના આશરે ૫૦ જેટલા ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોએ ભાગ લીધો હતો. આ કાર્યશાળાનું ઉદ્દ્ઘાટન નવયુગ સાયન્સ કોલેજના ડૉ. અશ્વિનભાઈ પટેલે કર્યું હતું. અને ભુલકાભવન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રીમતી મિનાલીબેન દેસાઈ અને માધવબાગ વિદ્યાભવનના આચાર્ય શ્રી સવજીભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્દ્બોધન કર્યું હતું.

વલસાડ સ્થિત શાહ એન.એચ. કોમર્સ કોલેજમાં જીમખાના સમિતિ અંતર્ગત સ્પોર્ટસ મોટીવેશન સેમિનારનું આયોજન તા. ૩-૯-૧૩ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં રમત-ગમતથી સર્વાંગી વિકાસ, આધુનિક સમયમાં રમત-ગમતની જરૂરિયાત અને રમત-ગમત દ્વારા પોતાનું કેરિયર કેવી રીતે બનાવી શકાય તે વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારના વિષય તજજ્ઞ તરીકે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બારડોલીના પ્રા. ચિરાગ દેસાઈ અને આ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વલસાડ જીલ્લાના ટેબલ ટેનિસ કોચ શ્રી અંકુરભાઈ જોષીએ સેવા બજાવી હતી. સમગ્ર સેમિનારનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ જીમખાના અધ્યક્ષ મુકેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ પ્રા. મુકેશભાઈએ આટોપી હતી.

તા. ૨૯-૭-૧૩ના રોજ ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતનાં પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં વિદ્યાર્થીઓને કોલેજમાં ચાલતાં વિવિધ કોર્ષ વિશે, સપ્તધારા અંતર્ગત થતી વિવિધ પ્રવૃત્તિ વિશે માહિતી આપવામાં આવી હતી.

## વૃક્ષારોપણ

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં ગાયત્રી પરિવાર, બારડોલીના સંયુકત ઉપક્રમે કેમ્પસમાં ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ એમ.બી.એમ. કોન્વેન્ટ હાઈસ્કૂલ આચાર્યા દર્શનાબેન ટીંમર, પુનિત ઈંગ્લિશ સ્કૂલના આચાર્ય ગીરીશભાઈ રાઠોડ, કોલેજના આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ, સ્ટાફમિત્રો તેમજ તાલીમાર્થી મિત્રોના હસ્તે શાસ્ત્રોકત વિધિ દ્વારા વૃક્ષો રોપવામાં આવ્યા હતા. અને આ દિવસે પર્યાવરણનું રક્ષણ કરવા પ્રત્યેક વૃક્ષનું જતન કરવાનો સંકલ્પ પણ કરવામાં આવ્યો હતો.

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા "વાવે સુરત ૨૦૧૩" કાર્યક્રમ અંતર્ગત ૩૧ મી ઓગષ્ટ અને શનિવારનાં રોજ પર્યાવરણ જાગૃતિ માટે વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત શહેરની ઈવનીંગ કોમર્સ કોલેજ પણ સહભાગી બની હતી. કોલેજનાં ડિરેક્ટર ડૉ. દિલીપ સી. શાહ અને આચાર્ય પ્રા. બંટી કે. શાહના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કર્યું હતું.

## પુસ્તક પરિચય

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડની લાયબ્રેરી સમિતિના ઉપક્રો "પુસ્તક પરિચય" હારમાળા અંતર્ગત તા. ૨૭-૭-૧૩ના રોજ ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રા. મુકેશભાઈ ચૌહાણે શ્રી વિનેશ અંતાણી લિખિત પુસ્તક "પ્રિયજન"નો પરિચય કરાવ્યો હતો. તદ્પરાંત તા. ૫-૮-૧૩ના રોજ વિદ્યાર્થિની દર્શીની શાહે બી.એન. દસ્તુર કૃત 'ટાઈમ મેનેજમેન્ટ' તથા કુ. મયુરી ભદ્રાએ આઠવલેજીના પ્રવચનો આધારિત પુસ્તક 'શ્રધ્ધા' ભાગ-૧નો પરિચય કરાવ્યો હતો. અર્થશાસ્ત્ર વિભાગના પ્રા. કે.એચ. પુરોહિત તા. ૨૪-૮-૧૩ના રોજ શ્રી હરેન્દ્ર દવે લિખિત પુસ્તક "ગાંધીની કાવડ"નો પરિચય કરાવવામાં આવ્યો. આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે તથા શ્રોતાઓની પ્રશ્નોત્તરીના પ્રા. કે.એચ. પુરોહિતે પુખ્ત ઉત્તરો આપ્યા બાદ પ્રા. કે.આર. ભારવાસે આભારવિધિ આટોપી હતી. તદ્પરાંત ઓગષ્ટ માસ દરમિયાન આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ અલગ વર્ગખંડમાં કોલેજના જ વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ લેખકોના પુસ્તકોનો પરિચય આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ માટે શરૂ થયેલા આ અનોખા પુસ્તક પરિચય કાર્યક્રમ અંતર્ગત કાર્યક્રમ ઈન્ચાર્જ ડૉ. દક્ષા ઠાકોરના પ્રોત્સાહન થકી આ માસમાં કુ. શિવાની મોહડ, ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ લિખિત 'પ્રજવલિત માનસ'; શ્રી મોહમદ કુરેશી દ્વારા ચેતન ભગત લિખિત થ્રી મીસ્ટેક ઓફ લાઈફ અને કુ. પીનલ સંઘવી દ્વારા સ્વામી શ્રી પ્રકાશચંદ્રજી દ્વારા લિખિત 'જનની ની જોડ સખી નહીં જડે રે લોલ' પુસ્તકોનો પરિચય કરાવવામાં આવ્યો હતો. તદ્પરાંત લાયબ્રેરી સમિતિના ઉપક્રમે પુસ્તક પરિચય હારમાળા કાર્યક્રમ અંતર્ગત બી.કે.એમ. સાયન્સ કોલેજના અધ્યાપક લેફ્ટેનન્ટ કમલેશ પારેખ દ્વારા તા. ૨૮-૯-૧૩ના રોજ વૈદ્ય હીરુભાઈ કે. પટેલ લિખિત પુસ્તક "સ્વસ્થવૃત્ત"નો પરિચય કરાવવામાં આવ્યો હતો.

## સન્માન

શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજના આચાર્યશ્રી ડૉ. અરવિંદભાઈ કે. ટાંકનું ૫ સપ્ટેમ્બર શિક્ષકદિનના દિવસે સ્ટુડન્ટ હેલ્પલાઈન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહમાં વાઈસ ચાન્સેલર ડૉ. દક્ષેશ ઠાકરના હસ્તે શાલ ઓઢાડી ટ્રોફી આપીને શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માન કરવામાં આવ્યું હતું.

## મૂલ્યાંકન

ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા રાજયની ગ્રાન્ટેડ કોલેજોમાં એકેડેમિક એન્ડ એડમિનિસ્ટ્રેટીવ ઓડિટના માધ્યમથી ફેબ્રુઆરી-૨૦૧૩માં મૂલ્યાંકન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ મૂલ્યાંકન પ્રક્રિયા અંતર્ગત ગુજરાત રાજયની તમામ ગ્રાન્ટેડ કોલેજો સાથે દક્ષિણ ગુજરાત વિસ્તારની ૭૨ કોલેજોમાં પણ સરકાર નિયુકત નિષ્ણાંતોની ટુકડી દ્વારા ઈસ્પેકશન હાથ ધરાયું હતું. તે પૈકી દક્ષિણ ગુજરાત વિસ્તારની ૨૧ કોલેજોએ એ-વન ગ્રેડમાં સ્થાન મેળવ્યું હતું, તે પૈકીની ટોપ ફાઈવ કોલેજોમાં ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કોલેજ ઓફ એજ્યુકેશન ખરોડે, ત્રીજો ક્રમ મેળવ્યો છે.

એસ.બી. ગાર્ડા ટ્રસ્ટ સંચાલિત, દીનશા દાબુ લો કોલેજ, નવસારીને ગુજરાત સરકાર દ્વારા તા. ૫-૩-૧૩ના રોજે આયોજીત એકેડેમીક એન્ડ એડમિનિસ્ટ્રેટીવ ઓડિટ (AAA) માં સમગ્ર દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ૬૭૭ ગુણાંક મેળવી તમામ લો કોલેજોમાં દ્વિતિય ક્રમ પ્રાપ્ત થયેલ છે.

## સ્પર્ધા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજ બેડમિન્ટન બહેનોની સ્પર્ધા જે.પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કિલ્લા પારડી મુકામે યોજાઈ હતી. જેમાં વલસાડ સ્થિત શાહ એન.એચ. કોમર્સ કોલેજની ખેલાડી બહેનોની ટીમ સ્પર્ધામાં કવાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. રમત અને સ્પર્ધા અંગેનું માર્ગદર્શન જીમખાના અધ્યક્ષ પ્રા. મુકેશભાઈ પટેલે આપ્યું.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની આંતર કોલેજ ફૂટબોલ સ્પર્ધાની ફાઈનલમાં જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ વલસાડ સામે ઉત્કૃષ્ટ દેખાવ કરી નવયુગ કોમર્સ કોલેજે ફરી એકવાર યુનિવર્સિટીની ચેમ્પિયનશીપ જાળવી રાખેલ છે. રાજપીપળા કોલેજ ખાતે યોજાયેલ આ ટુર્નામેન્ટમાં ૨૭ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. ફાઈનલ મેચમાં જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ વલસાડ સામે નવયુગ કોમર્સ કોલેજે ૨-૦ થી વિજેતા થઈ યુનિ.માં ચેમ્પિયનશીપ જાળવી રાખી છે. આ ટુર્નામેન્ટમાં કોચ તરીકે શ્રી ઈલ્યાસભાઈએ ખુબ સુંદર સેવા આપી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધામાં શ્રી દિલીપભાઈ મહાલે એ સુંદર સેવાઓ પુરી પાડી હતી.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની આંતર કોલેજ સાઈકલીંગ સ્પર્ધામાં શ્રી રેતિવાલા દક્ષેશ એ. ઉત્કર્ષ દેખાવ કરી નવયુગ કોમર્સ કોલેજે યુનિ.ની ચેમ્પિયનશીપ પ્રાપ્ત કરી છે. આ ટુર્નામેન્ટમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પાંચથી વધુ કોલેજોએ ભાગ લીધો હતો.

સ્વામી વિવેકાનંદ સાર્ધશતાબ્દિ સમિતિ વલસાડ આયોજીત "યુવાદોડ ૨૦૧૩" નું આયોજન તા. ૧૧-૯-૧૩ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં સોળ થી ત્રીસ વર્ષના ભાઈ-બહેનો અને એકત્રીસ વર્ષથી ઉપરના ભાઈ-બહેનોનો આમ ચાર ગ્રુપમાં મોંઘાભાઈ હોલથી તીથલ દરિયા કિનારા સુધી દોડની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન પ્રસંગે વલસાડ જીલ્લાના કલેકટરશ્રી તેમજ જીલ્લા ભાજપ પ્રમુખશ્રી ઉપસ્થિત રહયા હતા. "યુવાદોડ ૨૦૧૩"નું પ્રસ્થાન કલેકટરશ્રીના હસ્તે લીલી ઝંડી ફરકાવીને આપવામાં આવ્યું હતું. સ્પર્ધામાં સોળ થી ત્રીસ વર્ષ બહેનોના વિભાગમાં કુ. આશા કુવર, દ્વિતીય ક્રમે અને શ્રી હિરામણ દાયવ, ચોથા ક્રમે વિજેતા બન્યા હતા.

સ્પર્ધામાં કોલેજના શારીરિક શિક્ષણના અધ્યાપકશ્રી મુકેશભાઈ પટેલે નિર્ણાયક તરીકે ફરજ બજાવી હતી. તેમજ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. કે.સી. પટેલ, પ્રા. આર.આર. પટેલ અને પ્રા. વી.આર. ચાંપાનેરીએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ઈન્ટર કોલેજ વોલીબોલ બહેનોની ટુર્નામેન્ટનું તા. ૧૪-૧૫/૯/૧૩ના રોજ નવયુગ સાયન્સ કોલેજ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૬ કોલેજની ટીમોએ ભાગ લીધો હતો. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે શ્રી રાકેશ પટેલ (L.I.C. COT MDRT, USA Corporate Club Member) ઉપસ્થિત રહયા હતા. ફાઈનલ મેચ વાડિયા વિમેન્સ કોલેજ અને કે.પી. કોમર્સ કોલેજ વચ્ચે યોજાઈ હતી. જેમાં વાડિયા વિમેન્સ કોલેજ ૩-૨ થી ચેમ્પિયન બની હતી. સ્પર્ધાને સફળ બનાવવામાં આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલ તથા નવયુગ સાયન્સ પરિવાર, રેફરીશ્રીઓ, ટીમ મેનેજરશ્રીઓએ યોગદાન આપ્યું હતું. ટુર્નામેન્ટ દરમ્યાન બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન કિરીટસિંહ વાસદીયા, બોડ ઓફ સ્પોર્ટસના સભ્યો પ્રિ. વિનોદભાઈ પટેલ, ડૉ. રૂસ્તમ સદરી યુનિ.ના યુથ વેલફેર ડાયરેકટર શ્રી ડેવિડ પોલ ઉપસ્થિત રહયા હતા. ઈનામ વિતરણ સમારંભ દરમ્યાન વાડિયા વિમેન્સ કોલેજના આચાર્ય ડૉ. અશોક દેસાઈ, નવયુગ કોમર્સ કોલેજના આચાર્ય ડૉ. વિનોદભાઈ પટેલ તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા આંતર યુનિવર્સિટી સાયકલીંગ ભાઈઓ અને બહેનોનું સિલેકશન તા. ૧૦-૯-૧૩ના રોજ સવારે વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ પાંચ કોલેજમાંથી કુલ આઠ ભાઈઓ અને એક બહેને ભાગ લીધો હતો. આ સ્પર્ધા ભાઈઓ માટે ૫૦ કિ.મી. અને બહેનો માટે ૨૫ કિ.મી.નું અંતર ધરમપુર ચોકડી વલસાડથી ધરમપુર ટાઉન જઈ પરત ફરીને રાખવામાં આવ્યું હતું. કોમર્સ કોલેજના વિદ્યાર્થી શ્રી આકાશ બી. પટેલે તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. કોમર્સ કોલેજના એન.સી.સી. કેડેટસ અને અન્ય સ્પોર્ટસના ખેલાડીઓ દ્વારા સ્વયંસેવક તરીકે સેવા બજાવવામાં આવી હતી. આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ જીમખાના અધ્યક્ષ પ્રા. મુકેશભાઈ પટેલ અને ગ્રાઉન્ડમેન ઉત્તમભાઈ રાઠોડ દ્વારા સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું.



શ્રી ઈ.ખો. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ કહાનવાડી મુકામે ગ્રામ વિદ્યાપીઠના પ્રથમ વર્ષના પ્રવેશ બાબતે આંકલાવના હોમ ગાર્ડઝ યુનિટના ચીફ હોમગાર્ડસ ઓફીસર શ્રી અશ્વિનભાઈ પટેલે એન.એસ.એસ.ની સેવાઓનો વિશેષ ખ્યાલ આપ્યો હતો તથા એન.એસ.એસ. સ્કાર્ફ પહેરાવી વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. આ પ્રસંગે ડૉ. મીનાક્ષીબેન ચાવડા હાજર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત અને માર્ગદર્શન પૂરૂ પાડયું હતું.

સ્વ. ઈશ્વરભાઈ ચાવડાની જન્મ શતાબ્દી વર્ષ ૧૯૧૩-૨૦૧૩ની ઉજવણીના ભાગરૂપે ઝલજીલણી એકાદશી રાજા રણછોડરાય ભગવાનની શોભાયાત્રા પ્રસંગે રાષ્ટ્રીય સેવા યોજનાના સહયોગથી રાષ્ટ્રીય સેવા જલધારા પાણીની પરબ આંકલાવ મુકામે રાખી હતી.

## એન.એસ.એસ.

કડકિયા આર્ટસ-કોમર્સ કોલેજ, અંકલેશ્વરમાં આપત્તિ વ્યવસ્થાપન અંગે તાલીમ શિબિરનું આયોજન ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા કરવામાં આવ્યું હતું. ઈન્ચાર્જ આચાર્ય શ્રી ડૉ. કે.એસ. ચાવડાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. કલેકટર કચેરી ભરૂચ વતી જિલ્લા પ્રોજેકટ ઓફિસર ભાવેશભાઈ ગોહિલે વ્યાખ્યાન આપી, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સચિત્ર માહિતી દર્શાવી, વિવિધ આપત્તિઓ સામે સ્વરક્ષણ અને અન્ય વ્યકિત અને સમૂહબચાવ કામગીરીની વિવિધ પદ્ધતિઓ દર્શાવી હતી. અંકલેશ્વર નગરપાલિકાના ફાયર બ્રિગેડ ઓફિસર શ્રી મનહરભાઈ પટેલે આપત્તિ સમયેના બચાવકાર્યનું નિદર્શન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ ડૉ. વર્ષા પટેલ અને ડૉ. જયશ્રી જે. ચૌધરીએ સંચાલન કર્યું હતું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના એન.એસ.એસ. યુનિટ દ્વારા પ્રજ્ઞાચક્ષુઓને મદદરૂપ થવાના હેતુથી પ્રિ. ડૉ. જે.એમ. નાયકના વડપણ અને પ્રોગ્રામ આફિસર્સ પ્રા. આર.આર. પટેલ. પ્રા. વી.આર. ચાંપાનેરી તથા પ્રા. કે.સી. પટેલની દોરવણી હેઠળ દરેક વર્ગમાં ફરી જેઓ ક્ષતિગ્રસ્ત અંગો ધરાવે છે કે બિલકુલ અંગો ધરાવતા નથી તેવા અપંગ વ્યકિતઓ પૈકી પ્રજ્ઞાચક્ષુઓનાં જીવનમાં મદદરૂપ થવાના હેતુથી મદદરૂપ થવા માટે અપીલ કરી હતી. જેના પ્રતિસાદરૂપે વિદ્યાર્થીઓએ રૂા. ૬૯૦૦/-નો ફાળો એકત્ર કર્યો હતો જે અંધજન શાળા વલસાડને પહોંચાડવામાં આવ્યો.

વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ બીલીમોરામાં એન.એસ.એસ. અને એન.સી.સી.ના રૂપક્રમે વિદ્યાર્થીમાં સ્વબચાવ, શિસ્ત, એકાગ્રતા, આત્મવિશ્વાસ તેમજ મનોબળ વધે એ દ્રષ્ટિએ 'ટાઈકવોનડો'નું આયોજન કરવામાં આવ્યું. 'ટાઈકવોનડો'ના માસ્ટર પરેશભાઈ પટેલ તેમજ તેમની (ઠાકોરભાઈ પટેલ, વિમલભાઈ પટેલ, સંધ્યાબેન પટેલ, જિજ્ઞાસા ટંડેલ અને મંજુ નાયરે) ટીમે આ રમત અંગે પ્રેકટીલ જ્ઞાન અને થીયરી દ્વારા વિદ્યાર્થીઓને 'ટાઈકવોનડો'નું નિદર્શન કરી સમજ આપી.



વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરાનો દત્તકગામ ધેકટીમાં એક દિવસીય શિબિર યોજાયો. પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી રમેશભાઈ પટેલે સૌને આવકાર્યા, સરપંચશ્રી મુકેશભાઈ તથા મહેમાનોના હસ્તે દીપ પ્રાગટયથી કાર્યક્રમનો મંગલ પ્રારંભ કરી. સૌએ પોતાના સ્થાને ઊભા થઈ એન.એસ.એસ. સોંગ ગાયું. મહેમાનોનું એન.એસ.એસ. સ્વયંસેવકોએ ફુલથી સ્વાગત કર્યું. 'બીલીમોરા કોલેજમાં એન.એસ.એસ.ની પ્રવૃત્તિ છેલ્લા ૪૩ વર્ષથી અવિરત પણે ચાલે છે આજે કોલેજમાં એન.એસ.એસ.ના ત્રણ યુનીટમાં ત્રણસોથી વધુ વિદ્યાર્થીઓ જોડાયા છે.' એમ બોલતા એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર જયંતભાઈ પટેલે કોલેજની એન.એસ.એસ.ની પ્રવૃત્તિનો ચિતાર આપી દત્તકગામ યોજના વિશે તથા ગ્રામજનોના સહયોગથી એન.એસ.એસ. યુનિટ દત્તકગામમાં શું કરી શકે ? તેની વિસ્તૃત માહિતી આપી. સ્વયંસેવકોની સાથે પ્રોગ્રામ ઓફિસરો, આચાર્યશ્રી તથા સ્ટાફના સહયોગથી પ્રાથમિક શાળા ધેકટીના બાળકોને મફત નોટબુક અને પેન્સિલ આપવામાં આવી. ઉપસ્થિત ગામના સદસ્ય શિક્ષકશ્રી રઘુભાઈએ ગામનો ભૌગોલિક ચિતાર આપી એન.એસ.એસ.ની ટીમને પોતાનું ગામ પસંદ કરવા બદલ ધન્યવાદ આપી ગામનો સંપૂર્ણ સહયોગ મળશે એવી ખાતરી ઉચ્ચારી હતી. એન.એસ.એસ.ના સ્વયંસેવકો પોકેટ મની ખીસ્સા ખર્ચમાંથી બાળકો માટે નોટ લાવ્યા જાણી તેમની પ્રશંસા કરી બિરદાવ્યા હતા. નોટબુક સમારંભમાં અતિથિ વિશેષ તરીકે પધારેલ બીલીમોરા કોલેજના ગુજરાતીના અધ્યાપક, માજી પ્રોગ્રામ ઓફિસર પ્રા. નારણભાઈએ પ્રસંગોચિત વકતવ્ય આપ્યું હતું. બીલીમોરા વિભાગ કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી પ્રકાશભાઈ પટેલ, આચાર્યશ્રી મહેશભાઈ વશી તથા ઉપાચાર્ય શ્રીમતી આશાબેન ભટ્ટના કાર્યક્રમને સફળતા બક્ષતા શુભ સંદેશાની નોંધ લઈ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. દેવાંગભાઈએ સૌનો આભાર માન્યો સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર પ્રા. રંજનબેન દેસાઈએ કર્યું. એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ પ્રાથમિકશાળા ધેકટીના પટાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું.




વી.એસ. પટેલ કોલજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ બીલીમોરા કોલેજના એન.એસ.એસ., એન.સી.સી.ના ઉપક્રમે એન.એમ.પી. બેંક બીલીમોરાના સહયોગથી સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉમળકા ભેર ભાગ લેતા ૪ર બોટલ રકત એકત્રિત થઈ હતી. વિદ્યાર્થીઓની સાથે કોલેજ સ્ટાફના ત્રણ પ્રાધ્યાપકો એન.સી.સી.ના પ્રા. ભાવેશભાઈ દેવતા, રસાયણશાસ્ત્રના લોપાબેન પટેલ તથા પ્રા. નયનભાઈ પાંચાણીએ રકતદાન કર્યું હતું. રકતદાતાઓને પ્રોત્સાહિત કરવા એન.એસ.એસ.ના પ્રા. જયંતભાઈ પટેલ તરફથી તમામ રકતદાઓને ટ્રોફી આપવામાં આવી હતી. કોલેજ તરફથી પ્રમાણપત્ર તથા બ્લડબેંક તરફથી પણ સ્મૃતિભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે નવસારીના રતદાતા જેમણે ૧૪૦ થી વધુ વાર રકતદાન કર્યું છે. એવા હર્ષદભાઈ

શાહે પધારી પ્રથમવાર રકતદાન કરતા રકતદાતાઓને પેન ભેટ આપવામાં આવી. કાર્યક્રમને કેમેરામાં કંડારવાનું કામ એન.એસ.એસ. પી.ઓ. સુકાની તથા પ્રમાણપત્ર લેખન વિતરણની કામગીરી એન.એસ.એસ. પી.ઓ. રંજનબેને કરી હતી.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૧૨-૮-૧૩ના રોજ પ્રિ. ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી વિભાગના ઉપક્રમે 'ઈમ્પોટન્સ ઓફ ઈંગ્લીશ લેન્ગવેજ એન્ડ ઈટસ જોબ પોટેન્શ્યાલીટી' વિષય ઉપર વ્યાખ્યાન યોજાઈ ગયું. ગાર્ડા કોલેજ, નવસારીના નિવૃત્ત અધ્યક્ષ પ્રા. એ.એ. શેખે અંગ્રેજી ભાષાની અગત્યતા, પોતાની કારકિર્દીના ઘડતરમાં એનો ફાળો, ટેકનીકલ ભાષા તરીકે અંગ્રેજી જેવા પાસાઓ સંબંધિત વ્યાખ્યાન આપ્યું હતું.

## શ્રધ્ધાંજલિ

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ અને શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયના સંયુકત ઉપક્રમે કોલેજને સને વર્ષ ૧૯૭૨ થી ૧૯૮૮ દરમ્યાન યશસ્વી નેતૃત્વ પુરુ પાડનાર પૂર્વઆચાર્યશ્રી સ્વ. ડૉ. કે.સી. ભટ્ટને શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ તા. ૨૫-૯-૧૩ના રોજ ટ્રસ્ટીશ્રી નટુભાઈ કેવટના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે સહુને આવકાર્યા હતા. ત્યારબાદ મંચસ્થ મહેમાનોએ સ્વ. ડૉ. કે.સી. ભટ્ટને પુષ્પાંજલિ અર્પી હતી. ત્યારબાદ ભટ્ટના વ્યકિતત્વથી પરિચિત એવા પૂર્વઆચાર્યશ્રી ડૉ. દિનુભાઈ નાયક, પૂર્વ અધ્યાપકશ્રીઓ ડૉ. મોહનભાઈ પટેલ, ડૉ. નલિનીબેન ત્રિવેદી, આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયક, ડૉ. મનસુખભાઈ પટેલ, અસ્પી કન્યા વિદ્યાલયના આચાર્ય શ્રીમતી જયશ્રીબેન દેસાઈ, જે.જે. મહેતા હાઈસ્કુલના પ્રિન્સિપાલશ્રી અશોકભાઈ ભટ્ટ, ટ્રસ્ટીશ્રી જયંતિભાઈ પંચાલ, સંસ્કાર એજયુકેશન ટ્રસ્ટના મંત્રીશ્રી, ભૂપેન્દ્રભાઈ પંડયા, પૂર્વ કેમ્પસ ડાયરેકટરશ્રી બી.એચ. પટેલ વગેરેએ ભટ્ટ સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા.

## વાંચન વિશેષ

**મધુપર્ક**

લેખક : રમણલાલ પાઠક

સંપાદકો : રજનીકુમાર પંડયા, યાસીન દલાલ અને ઉત્તમ ગજ્જર

પ્રકાશક : અમદાવાદ : શબ્દલોક પ્રકાશન, ૧૯૯૭

કિંમત રૂા. ૨૦૦-૦૦

આ ગ્રંથ રેશનાલિઝમને લગતાં ૧૬ પુસ્તકોના કર્તા, 'ગુજરાત મિત્ર', 'સમકાલીન' અને 'નવનિર્માણ' સામયિકોના કટાર લેખક અને વાર્તા, કવિતા, નવલકથા, હાસ્યલેખોના લેખક શ્રી રમણલાલ પાઠકના વૈવિધ્યસભર ગદ્યલેખોનો પ્રતિનિધિ સંચય સંપાદકો દ્વારા પ્રસ્તુત થયેલ છે.

રમણલાલ પાઠકે જિંદગીના ભાતીગળ અનુભવો, નિરીક્ષણ, મનન-ચિંતન દ્વારા વિચારોમાં ઉત્ક્રાંતિ સાધવાનો માર્ગ અખત્યાર કર્યો અને વિશ્વના ફિલસૂફોની વિચારધારાઓ, ખગોળ, વિજ્ઞાન, ભૂગોળ, ઈતિહાસ, નૃવંશશાસ્ત્ર, માર્કસવાદ, હિન્દુ ધર્મગ્રંથો, સાહિત્ય, ભાષાવિજ્ઞાન, વ્યાકરણ વગેરે ક્ષેત્રોનું ખેડાણ કર્યું છે. શ્રી પાઠક રેશનાલિઝમના ગુજરાતના પ્રણેતા જ નહીં પણ ભીષ્મપીતામહ તરીકે પ્રખ્યાત છે.

આ ગ્રંથમાં કુલ ૧૮ પ્રકરણો સમાવેશ પામે છે. રેશનાલિઝમની બાળપોથી, રેશનાલિઝમનો પાયો, જીવનકલા, લાગણી, પૂર્વગ્રહો, રેશનાલિટી, માનવીય સદગુણો, એથીઝમ, એમ્પીરિસિઝમ અને અદ્વૈતવાદ, ભકિતવાદની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. ઈશ્વર અને નાસ્તિક, કર્મનો સિધ્ધાંત, પુનર્જન્મ, અમરત્વ, અજ્ઞાતવાદ, ધર્મ અને સંસ્કૃતિ, ધર્મ અને વિજ્ઞાન, વિજ્ઞાન અને અજ્ઞાન, રોગ, યોગ, આરોગ્ય, તંત્ર, જયોતિષશાસ્ત્ર, ખગોળ, પંચાંગ, વ્રત ઉત્સવો, ચમત્કાર, ચાર્વાકદર્શન, કોમી રમખાણોનો કાયમી ઈલાજ, બાળકો, ભાષાવિજ્ઞાન, મહર્ષિ દયાનંદ અને સ્વામી સચ્ચિદાનંદ, પૂ. મોટા, ડૉ. આંબેડકર, છોટુભાઈ શાહનાં વ્યકિતચિત્રો અને સરોજ પાઠક સાથેના લગ્ન સંબંધની વિગતે ચર્ચા કરતા લેખો આ ગ્રંથમાં સમાવેશ પામે છે.

જયોતિષશાસ્ત્રમાં રસ ધરાવતા અને આસ્તિકને આ પુસ્તકના તે સંબંધી લેખો હજમ થઈ શકે તેમ નથી. બટ્રાન્ડ રસેલને કોઈને પ્રશ્ન કર્યો કે, સ્વર્ગમાં તમને સાક્ષાત ભગવાન મળી જાય તો તમે એને શું કહો ? જવાબમાં રસેલે કહયું કે હું તેને એક જ પ્રશ્ન પૂછું : 'હે પ્રભુ, તેં તારા અસ્તિત્વના પુરાવા આટલા બધા અસ્પષ્ટ શા માટે રાખ્યા ?' આપણે કેવી બિનજરૂરી તથા કમઅકકલ ચર્ચા કરીએ છીએ એનો એક નમૂનોય અત્રે પેશ કરી લઉં : એક શિબિર સમક્ષ મેં કહયું કે માની લો કે ભગવાન છે, તો એથી તો માનવજાતને કોઈ જ નુકશાન નથી. પરંતુ એનાં પૂજાભકિત શા માટે કરવાં ? આ નિત્યના પ્રાર્થનાદિ કર્મકાંડમાંથી જ બધી આપત્તિઓ નીપજી છે. જાતજાતના પંથો, માન્યતાઓ, ભયંકર ખર્ચા અને નિરર્થક મંદિરો, સમારંભો, વિધિવિધાનો અને લોહિયાળ ઝઘડા... ભગવાન એની ફરજ કે લીલારૂપે પોતાનું કામ કરે અને આપણું પોષણ-રક્ષણ પણ કરે જ, એમાં બદલારૂપે પૂજાભકિતની અપેક્ષા તે મહાન પરમાત્મા રાખે ખરો ? નહીં જ. પછી આ ઘેલછાની આવશ્યકતા શી ? કૂતરૂં તો કદી પ્રાર્થના નથી કરતું ! ... મારી આવી દલીલ સાંભળતા જ એક બહેન વચ્ચે બોલી ઉઠયાં કે 'કૂતરું પ્રાર્થના નહી જ કરતું હોય એની તમને શી ખાતરી ?' આ બહેન વળી પ્રાધ્યાપિકા છે, કદાચ લોજિક ભણાવતાં હશે ! હવે જે સમાજમાં આવા શિક્ષકો હોય ત્યાં નવી પેઢીના કેવા હાલ થાય ? જવાબ આપણી દ્રષ્ટિ સમક્ષ સ્પષ્ટ જ છે. અવૈજ્ઞાનિક માનસવાળી વ્યકિતઓને શિક્ષકપદે નીમી જ ન શકાય એવો કોઈ કડક કાયદો દેશમાં જોઈએ એમ નથી લાગતું ? (પૃ. ૨૫)

રેશનાલિઝમ વ્યકિતઓએ વાચવા જેવો આ ગ્રંથ છે.

**ડો. જે.આર. મહેતા**
**કુલસચિવ**

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : Dr. J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com